सत्यमेव जयते

# વિજય રૂપાણી

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/Jm/2019/05/27/vj

તા. ૨૭-૦૫-૨૦૧૯

## સંદેશ

નશ્વર દેહનાં ધબકતાં અંગોને ત્યજી જ્યારે આત્મા અનંતની વાટે વિદાય થાય છે ત્યારે મૃતકનાં પરિવારજનો પારાવાર વિષાદ અને અસમંજસ સ્થિતિમાં આવી જાય છે. અગત્યનાં અક્ષત અંગોનું અન્ય દરદીના દેહમાં વૈજ્ઞાનિક તબીબી ઢબે થતું પ્રત્યારોપણ તેને નવજીવનની નજીક લઇ જનારું હોય છે માટે જ અંગોનું દાન, એટલે **'જીવતદાન' Donate Life** ના પરમપદને પામે છે.

મને જાણીને અતિ આનંદ થયો છે કે સુરતની **Donate Life** સંસ્થાએ સામાજિક, માનવીય અને નિઃસ્વાર્થ પ્રયાસો થકી અંગદાન તરફની લોકજાગૃતિને જીવંત બનાવી છે. જેમના મૃતશરીરના અંગો, કિડની ચક્ષુઓ, લીવર, ફેફસાં જેવા અંગો, દાનપાત્ર સ્થિતિમાં હોય તેવા મૃતકના પરિવારજનોમાં અંગદાનની મહત્તા ઉજાગર કરવાના પ્રયાસો સફળ બનાવ્યા છે. સુરત શહેરમાં જ નહીં ગુજરાત, દેશમાં અને વિદેશમાં અનેક વ્યક્તિઓને આવા દાન થકી નવજીવન આપવાનું કામ થયું છે.

અંગદાનનો આ મહાયજ્ઞ **Donate Life** થકી પ્રેરકપણે, અવિરત રીતે અનેક લોકોને નવજીવન બક્ષવામાં સંવેદનશીલ રીતે કાર્યરત રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Nileshbhai Mandlewala,** *President,*
Donate Life,
Opp. IDBI Bank, Nr. Kasanagar,
Katargam, Surat- 395 004.
Email: info@donatelife.org.in